# ચૈતન્યશિલ્પીની ગરિમા

## ૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૫૯. પૂ. મંજુલાબેન ઠક્કર

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. મનુબેન |
| પિતાનું નામ | : | પૂ. કાકુભાઇ (સુખલાલ) |
| ભાઇ | : | પૂ. મહેન્દ્રભાઇ, પૂ. મહેશભાઇ, પૂ. હેમંતભાઇ |
| મૂળ ધર્મ | : | શંકર ભગવાનના ઉપાસક |
| જ્ઞાતિ | : | લુવાણા |
| અભ્યાસ | : | ઓલ્ડ મેટ્રીક, સિવણ ૧ વર્ષ |
| ભગવાનની અનુભૂતિ | : | ૦૨-૦૮-૧૯૬૮ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૬ |
| કેન્દ્ર નંબર | : | ૪૯ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : ગરજુ થઇ સેવા કરો ને સમતા આવતાં સુધી દિવ્યભાવ રાખો.**

પૂ. મંજુબેનના માતા પિતાને આ જોગ મળ્યો ન હતો ત્યારે તેમના પિતા કાંદિવલીથી મુંબઈ ટ્રેઈનમાં જતાં–આવતાં જુગાર રમે. સ્વભાવે ખૂબ તેજ. પૈસા હારીને આવે ત્યારે ઘરમાં ખૂબ ઝગડા થાય. મંજુબેન અને તેમના માતુશ્રી શંકર ભગવાનને સંભારીને ખૂબ પ્રાર્થના કરે. એમની પ્રાર્થનાથી એક વખત ટ્રેઈનમાં રમણિક અદાનો તેમના બાપુજીને જોગ થઈ ગયો. રમણિક અદાએ જોગીબાપાનો ખૂબ મહિમા ગાયો. ને જોગીબાપાના દર્શન કરાવ્યા. આથી તેમના બાપુજીને ખૂબ શાંતિ થઈ. જોગીબાપાએ તારદેવ દાદુભાઈ – બાબુભાઈનો સમાગમ કરવાનો કહ્યો. તેથી નિયમિત તારદેવ જવા લાગ્યા ને જીવનનો રાહ બદલાય ગયો. હાથમાં પાનાને બદલે માળા આવી ગઈ. જોગીબાપા અને પપ્પાજીએ કૃપા કરીને ૧૧ સંતોને કાંદિવલી રાખ્યા ને આખા કુંટુંબને સંતોની સેવા મળી. આમ, સેવા સમાગમથી મંજુબેન અને તેમના માતુશ્રી પણ તારદેવ જવા લાગ્યા. એક વખત સોનાબા તેમના ઘરે ગયા અને તેમના મમ્મીને કહે, ‘મનુ આ તારી છોકરી મને આપીશ?’ આમ, ભગવાન ભજાવવા બા ગરજુ થયા ને કૃપામાં મંજુબેન જ્યોતમાં આવી ગયા. ને પપ્પાજીના સંકલ્પમાં ફાવી ગયા.

૧૯૬૬માં ૫૧ બહેનોને કાષાંબરી દીક્ષા આપી તેમાં તેમણે દીક્ષા લીધી ને ૧૯૬૮માં ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું ને જન્મોજનમના સુખી કરી દીધા. પૂ. જસુબેન જેવા સ્વરૂપના જોગમાં મૂકી દીધા ને આજે સુખે સુખે સાધના કરે છે. તેઓએ પ્રીતિ ને પ્રપત્તિના અંગે સાધના કરી.

૧૯૬૯ની સાલ હતી. મંજુબેનને તાવ આવ્યો હતો તેથી આખો દિવસ આરામ કર્યો. રાત્રે જસુબેનને જય સ્વામિનારાયણ કહેવા ગયા તો જસુબેન કહે, ‘આજે મંજુએ આખો દિવસ આરામ કર્યો તો હવે મારા પગ દબાવશે.’ રાત્રે ૧૧ વાગ્યે પગ દબાવવાના ચાલુ કર્યા. ૧૧:૩૦ વાગ્યે જસુબેન પોઢી ગયા. મંજુબેને તો પગ દબાવવાના ચાલુ રાખ્યા. સવારે ૫:૩૦ વાગ્યે જસુબેન ઉઠ્યા ને કહે, ‘તેં પગ પાછા ક્યારે દબાવવાના ચાલુ કર્યા ?’ મંજુબેને હસતાં – હસતાં કહ્યું, ‘બંધ જ નથી કર્યા.’ જસુબેન અંતરથી હાલી ગયા ને એકદમ પરભાવમાં આવીને બોલ્યા, ‘મંજુ તેં મારા દેહનું કળતર મટાડ્યું તો પ્રભુ તારા જીવનું કળતર મટાડી દેશે.’ ને ખરેખર તે દિવસથી મંજુબેનના જીવનમાં હઠ, માન, ઈર્ષાની લડત ઓછી થઈ

ગઈ. અંતરથી હળવા થઈ ગયા ને સેવામાં જ પરમપદ મનાઈ ગયું. આમ અખંડ પ્રભુધારક સંતની હાશ મળી જાય તો દોષ સહજ જીતાય જાય.

પપ્પાજીએ એક વખત મંજુબેનને કહ્યું કે, 'હું તને ભગતજીમહારાજની જેમ આગળ લઈ જઈશ. એટલે કે અપમાનો થશે, બધા જ કહી જશે પણ ભજન કરજે.' આમ પપ્પાજીના વચને ભજન કર્યું તો અત્યારે અંતર ટાઢું ને શુભ સંકલ્પ થયા જ કરે છે.

૨૦૧૩માં નવા મકાનમાં માટીની શ્રમશિબિર હતી ત્યારે મંજુબેનની ઉંમર ૬૭ વર્ષની હતી. બંને પગ ઓપરેશનવાળા છે છતાં પણ તેમને શ્રમશિબિરમાં જવું હતું. વ્યવસ્થાપકે કહ્યું કે, 'મંજુબેન તમારે શું કામ શ્રમશિબિરમાં જવું છે ?' મંજુબેન કહે, 'હું મારા માટે કંઈક કરવા ૧૫ – ૨૦ મિનિટ ઉભી રહું ત્યાં તો મારા પગ દુઃખવા માંડે પણ આવી શ્રમશિબિરમાં જાઉં, પપ્પાજીની સેવા કરું છું તો ૩-૪ કલાક ઉભા રહેવાય છે. પગ દુઃખતા જ નથી. માટે મારે શ્રમશિબિરમાં જવું છે.' આ કેવો સેવાનો ઈશક ! કેવો પ્રભુ પ્રત્યે પ્રેમ ! કેવી સ્વરૂપનિષ્ઠા !

મંજુબેનને સતત એક જ ધખાણા છે કે મારે જીવનમાં ભજન ને સેવા બે જ કરવાના છે. આવી સેવા ભાવના એમના રોમેરોમમાં છે, તેમને સાથીદારોના સ્વભાવ પ્રકૃતિ દેખાતા જ નથી, સદાય અંતરમાં મનાયેલું રહે છે કે પપ્પાજીએ મારા સ્વભાવ પ્રકૃતિ ક્યાં જોયા છે ? પપ્પાજીને દેખાતું ન હતું એવુ ન હતું પણ કેવળ કરુણા જ વરસાવી છે એમ મારેય કોઈનાય સ્વભાવ પ્રકૃતિ જોવા નથી.

મંજુબેને રસોડામાં, શાકમાં, ટેલીફોનમાં, દરવાજાની સેવા કરી છે. સાથે - સાથે જસુબેનની સેવામાં પણ હાજર તથા તેમના અક્ષર સરસ તેથી જસુબેનને પપ્પાજીના લેખની કોપી તથા અન્ય જે કાંઈ લખાણ કરવાનું હોય તે મંજુબેન કરતા. આવો શ્રીજી મહારાજનો, પપ્પાજીનો અને ગુરૂઓનો પરમ સિધ્ધાંત પાળી રહ્યાં છે.

આવા મંજુબેનને સૌ સાધકોના ભાવે વંદન !!!



## ૬૦. પૂ. કલ્પુબેન દવે

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. કુસુમબેન |
| પિતાનું નામ | : | પૂ. નલીનકાંતભાઈ |
| બહેન | : | પૂ. પન્નાબેન, પૂ. સ્મૃતિબેન, પૂ. હરણાબેન |
| મૂળ ધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | ઔદિચ્ય બ્રાહ્મણ |
| અભ્યાસ | : | ઓલ્ડ મેટ્રીક |
| ભગવાનની અનુભૂતિ | : | ૧૬-૦૨-૧૯૬૬ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૬ |
| કેન્દ્ર નંબર | : | ૫૦ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : ગુરૂહરિ ને ગુરૂથી ભરી રહું. મને શુધ્ધ ચૈતન્ય બનાવવા પપ્પાજી જ સર્વમાં વર્તે છે.**

પૂ. કલ્પુબેનને ગળથૂંથીમાં જ સત્સંગ ભક્તિનું અમૃત પીવા મળ્યું છે. પપ્પાજીની અસીમ કૃપાથી એકાંતિક માતા – પિતાને ત્યાં કલ્પુબેન પ્રગટ્યા. નાનપણથી જ તેમને યોગીજી મહારાજ, પ.પૂ. કાકાજી, પ.પૂ. પપ્પાજી, પ.પૂ. સોનાબા ને તારદેવના બહેનોની મહિમાની જ વાતો સાંભળવા મળી છે. હંસાદીદી પણ ત્યારે ઘરે જ હતાં તેથી તેમના હસ્તમાં ખેલવા, કૂદવા, રમવાનું મળ્યું છે. નાનપણથી કહેતાં કે, 'મારે અન્નામાસી (હંસાદીદી) જેવા થવું છે.' પપ્પાજી તારદેવથી દાદર મંદિરે પધારે ત્યારે ટેક્સીમાં માટુંગા તેમના ઘરે આવતાં. કલ્પુબેન પાસે ભજન ગવડાવે. જમીને તારદેવ જવા ઉભા થાય એટલે હંમેશા કહે, 'કપુ ટેક્સી લઈ આવ.' આમ મીઠો લહેકો કરતાં તે સ્મૃતિ અત્યારે પણ તેમના હ્રદયમાં સનાતન છે.

૧૯૫૬માં પપ્પાજી જોગીબાપાની જયંતિ ઉજવવા સારંગપુર જતાં હતાં ત્યારે માતા - પિતા સાથે કલ્પુબેન પણ જતાં હતાં. ૧૯૫૯માં પ.પૂ. પપ્પાજી, પૂ. જ્યોતિબેન, પૂ. તારાબેન, પૂ. દીદી અને પૂ. દેવીબેન સાથે ખંડાલા ગયા. ત્યાં પણ ખૂબ સ્મૃતિ મળી ને જીવનની ધન્ય પળો કૃપામાં થઈ ગઈ. ૧૯૬૩માં માણાવદર જોગીબાપાની જયંતિમાં તારદેવના બહેનો સાથે ગયા તે વખતથી દયાબેને તેમનું ખૂબ પ્રેમથી જતન કર્યું.

કલ્પુબેન તારદેવ જાય ત્યારે દયાબેન સાથે સેવા કરે. જ્યોતિબેન – તારાબેન સાથે તારદેવની અગાશીમાં કપડાં ધોવાની તથા તારાબેન સાથે રસોડું ધોવાની પણ સેવા કરી છે. ગણેશપુરી શિબિરમાં સંકલ્પની દિવ્યસૌરભ ચૈતન્યને સ્પર્શી ગઈ. ૧૯૬૫માં વરસોવાની શિબિરનો લાભ મળ્યો. પપ્પાજી તારદેવથી દાદર મંદિરે પધારે ત્યારે માટુંગા તેમના ઘરે આવે જ. ત્યારે કલ્પુબેનનું ભણવાનું ચાલુ જ હતું. એક દિવસ પપ્પાજી કહે, 'કલ્પુ ભણવા જેવી તો એક બ્રહ્મવિદ્યા છે.' એ

એમની અમીદ્રષ્ટિ અને અમૃતવાણીએ કલ્પુબેનનું અંતર ભરી દીધું. પપ્પાજીની દિવ્યતા અલૌકિક અને ન્યારી લાગી.

૧૯૬૬માં ગુરુહરિ પપ્પાજીએ જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લઇ લીધું. કલ્પુબેન ધોરણ ૧૦માં ભણતાં હતાં ત્યારે તેમની ઉંમર ૧૫ વર્ષની હતી. તારદેવથી બહેનો વિદ્યાનગર આવતાં હતાં. પપ્પાજીએ ૫૧ બહેનો ભગવાન ભજે તેવો સંકલ્પ કર્યો હતો. એ સંકલ્પમાં કલ્પુબેનનો નંબર લાગી ગયો. પપ્પાજીએ ૫૧ બહેનોને કાષાંબરી દીક્ષા આપી તેમાં કલ્પુબેનને દીક્ષા મળી ગઇ ને પૂ. શોભનાબેન જેવા ગુરૂસ્વરૂપનો સમાગમ પણ મળી ગયો. ને તેમના સમાગમે નિરપેક્ષભાવે ઠરાવરહિત સામાના મને મન કરીને માહાત્મ્યથી વર્ત્યા. કલ્પુબેને વિશ્વાસના અંગે સાધના કરી છે.

અહીં આવ્યા પછી કલ્પુબેને સિવણ, ગાયકવૃંદમાં, પ્રકાશન, મહાપૂજા કરવાની, ભજન બનાવવાની, પપ્પાજીની પરાવાણી અને સ્વરૂપોની કથાવાર્તાનું લેખન કરવાની સેવા કરી છે. પપ્પાજીની પરાવાણી અને સ્વરૂપોની કથાવાર્તાનું લેખન કરીને પ્રકાશન વિભાગને એક મૂડી આપી છે એમનું એ યોગદાન ચિરંજીવ છે. તેમના મધુર કંઠે ગવાયેલ ભજનોએ સૌ પ્રભુમય થાય છે. જ્યારે જે સેવા સોંપી તેમાં કોઇપણ પ્રકારની ફરિયાદ વગર અહોહોભાવે હોમાઇ ગયાં.

ચૈતન્યદર્શી પપ્પાજી કહેતા, 'દિવાળીબા કલ્પુમાં આવ્યાં છે.' અને સાચે જ ખમવું, નમવું, રાંકભાવ, સ્વભજન, સરળતા, ભક્તિ, નિર્માનીપણાના ગુણનું દર્શન એ પ્રતીતિ કરાવે છે. પપ્પાજીએ મહાપૂજાની સેવામાં એમની પસંદગી કરી ત્યારથી 'હું'ના જાણપણા વગર નિષ્કામભાવે સંકલ્પરહિત થઇને આ સેવા કરી રહ્યાં છે. અત્યારે પણ કલ્પુબેનની મહાપૂજા માટે બધા ઝંખે છે તેમની મહાપૂજાથી સર્વ કોઇ ભગવાનમાં લય ને લીન થઇ જાય છે. પપ્પાજીએ આશીર્વાદ આપ્યા છે કે, 'તું આવી નિષ્કામભાવની મહાપૂજા કરે છે તો મહારાજ તારી પ્રાર્થના સાંભળે જ છે ને મારા જેવું સુખ લેતી તું થઇ જા.' એકવાર પપ્પાજીએ પરભાવમાં તેમને કહ્યું કે, 'તું મારા પ્રવચનો લખે છે અને જે આ

નોટો વાંચશે તેનું ૫૦% ફળ મહારાજ તને જન્મોજનમ આપશે ને એકાંતિક ધર્મ સિધ્ધ કરાવી દેશે.' પપ્પાજીના પ્રવચનોમાંથી 'જીવનસૌરભ' લખવાની સૌ પ્રથમ શરૂઆત કલ્પુબેને કરી છે.

આવા કૃપાપાત્ર – પપ્પાજીના દિવાળીબાને અમ સહુ સાધકવૃંદના ભાવસભર પ્રણામ !!!